بسم الله الرحمن الرحيم

# ★ કિતાબ પ્રસિધ્ધ કરવાનો સબબ ★

**મેરી હિમ્મત કો સરાહો મેરે હમરાહ ચલો**
**મેને ઈક શમ્આ જલાઈ હૈ હવાઓં કે ખિલાફ !**

શયખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضي الله عنه ની મહોબ્બત એ હક્ક મઝહબવાળાની ઓળખ છે કેમ કે આપ અજોડ આશિકે રસૂલ હતા અને રસૂલેપાકના દુશ્મનો, ગુસ્તાખો માટે ઉઘાડી તલ્વાર હતા. જેથી જેના દિલમાં ઈશ્કે નબીની શમ્અ રોશન હોય તે જરૂર ઈમામ અહમદ રઝાનો શયદાઈ હશે. અને એ જ સુન્નીની પેહચાન પણ દર્શાવવામાં આવી છે. જેમ કે હઝરત મૌલાના કાદિરબખ્શ સાહબ સહસરામી જેઓ એક ઘણા મહાન મશ્હૂર આલિમ અને જબરદસ્ત મુકર્રિર હતા તેમણે જણાવ્યું કે, ''તમે લોકો જ્યારે કોઈના વિશે જાણવા ચાહો કે સુન્ની છે કે વહાબી ? તો તેની સમક્ષ આ'લા હઝરતની ચર્ચા છેડી દો અને તેના ચહેરાને ધ્યાનપૂવર્ક જોતા રહો. જો ચહેરા પર ખુશી તથા ઉમંગના ભાવો પ્રદર્શિત થતા જણાય તો સમજી લો કે સુન્ની છે, અને જો ચહેરા પર અણગમાના ભાવો જણાય તો સમજી લો કે વહાબી છે, અને **જો વહાબી ન હોય તો પણ તેમાં કોઈક પ્રકારની બેદીની ચોક્કસ છે.''** *(હવાલો : સવાનેહે આ'લા હઝરત, પેજ–૧૧૪)*

આ'લા હઝરત હક્ક મઝહબવાળાની પેહચાન અને સમયના મુજદ્દિદ છે. અને આપ ''મુજદ્દિદ'' કોઈ આમ પબ્લિકના માણસોના જોશ જઝબાતભર્યા ના'રા લગાડી દેવાથી અથવા અધૂરા તથા લાલચી મોલ્વીઓના ખેંચી તાણીને કહી દેવાથી કે એલાન કરી દેવાથી નથી કહેવાયા ! બલ્કે હિંદુસ્તાનના જ નહીં મક્કા શરીફ તથા મદીના શરીફના તે સમયના મહાન સુન્ની ઉલમા આપના ઈલ્મી કમાલોને જોઈને અનાયાસે પોકારી ઉઠયા કે :–

★ કરન્સી નોટના મસ્અલા પર કિતાબ 'અલ્ કિફ્લુલ્ ફકીહ'ના અભ્યાસ પછી કહ્યું; ''ખુદાની કસમ ! હું કહું છું અને સાચુ કહું છું કે જો ઈમામે આ'ઝમ અબૂ હનીફા એને જોતા તો યકીનન તેમની આંખો ઠંડી થાત અને નિઃશંક ! તેઓ એના લેખક ઈમામ અહમદ રઝાને પોતાના શાગિર્દોમાં





દાખલ કરી લેત......જો એમના (આ'લા હઝરતના) બારામાં કહેવામાં આવે કે એઓ આ સદીના **મુજદ્દિદ** છે તો બેશક ! હક્ક તથા સહીહ છે.'' *[શયખુલ ઉલમા મુહાફિઝે કુતુબે હરમ અલ્લામા સૈયદ શાહ ઈસ્માઈલ ખલીલ رحمة الله عليه મદીના મુનવ્વરા]*

★ (ઈલ્મે ગયબ પર આ'લા હઝરતે લખેલી કિતાબ ''અદ્દવલતુલ મક્કિયહ્''ના અભ્યાસથી પ્રભાવિત થઈ તેની પ્રશંસા તથા દુઆ બાદ) ''તે (આ'લા હઝરત) આ ઉમ્મતના દીની બાબતોના **ઈમામોના ઈમામ** તથા **મુજદ્દિદ** છે શૈખ અહમદ રઝાખાં જે દિલોના નૂર અને યકીનના સમર્થનથી સજ્જ છે. અલ્લાહ તઆલા આપને દુનિયા તથા આખેરતમાં કબૂલ ફર્માવે.'' *[શયખુલ ઉલમા હઝરત અલ્લામા મૂસા અલી શામી અઝહરી અહમદી દરવૈરી મદની رحمة الله عليه]*

ટૂંકમાં એ કે વિ□ભરના મહાન ઉલમાએ એકી અવાજે આપને પોતાના ઈમામ તથા મુજદ્દિદ સ્વીકાર્યા.

આ'લા હઝરતે વહાબી ફિર્કાનાં બદ્અકીદગીભર્યાં લખાણોનો પીછો કરી કુર્આન, હદીષ તથા અકવાલ થકી તેમના બાતિલપણાને સાબિત કરી તેમની કમ્મર તોડી નાખી. છતાંય આપની શખ્સિયતનો એ કમાલ હતો કે આપની મહાનતાનો ગૈરોએ પણ સ્વીકાર કર્યો છે. જેમ કે :–

**મૌલાના શિબ્લી નોઅમાની (દેવબંદી)** લખે છે કે, ''મૌલાના અહમદ રઝા સાહબનું ઈલ્મી વર્તુળ એટલા પ્રમાણમાં મહાન છે કે વર્તમાનકાળના તમામ આલિમો આ મોલ્વી અહમદ રઝા સાહબ સમક્ષ જરા જેટલી પણ હૈસિયત નથી ધરાવતા. આ અહકરે પણ આપની વિવિધ કિતાબો જોઈ છે. *(માહનામા નદવા, ઓક્ટો.–૧૯૧૪, પેજ–૧૭, બહવાલા અલ્ કૌલુસ્સદીદ, પેજ–૨૬૪)*

**મૌલાના અબુલ આ'લા મૌદૂદી (જમાઅતે ઈસ્લામી)** લખે છે કે, ''મૌલાના અહમદ રઝા સાહબના ઈલ્મો ફઝ્લનો મારા દિલમાં ઘણો એહતેરામ છે. હકીકતમાં તેઓ દીની ઈલ્મો પર ગહરી દૃષ્ટિ ધરાવતા હતા અને તેમની આ ફઝીલતનો સ્વીકાર તે લોકોને પણ છે જેઓ તેમનાથી મતભેદ ધરાવે છે.'' *(મકાલાતે યૌમે રઝા, ભાગ–૨, પેજ–૪૦)*

**મૌલાના અબુલ હસન અલી નદવી (દેવબંદી)** લખે છે, ''તે એક

સમૃદ્ધ આલિમ હતા જેમની માલૂમાત વિશાળ અને અભ્યાસ ઘણો જ વિશેષ હતો. તે એક હરતી ફરતી કલમ તથા લેખન કાર્યમાં સમૃદ્ધ ચિંતનવંત હતા. હનફી ફિકહ તથા તેના જુઝઈય્યાતથી માહિતગાર હોવામાં તેમના જેવો કોઈ જોવા મળતો નથી, જેના માટે તેમનો ફતાવા સંગ્રહ તથા કિતાબ કિફલુલ્ ફકીહ.... સાક્ષી છે જે મક્કામાં લખવામાં આવી. આપ ગણિત વિદ્યા, ગ્રહગતિ વિજ્ઞાન, જ્યોતિષ વિદ્યા, પંચાગ વિદ્યાના નિષ્ણાત હતા. ભાવિસૂચના તથા જ્યોતિષમાં પણ માહિર હતા. અન્ય ઘણા ઈલ્મોમાં આપનો હિસ્સો હતો.'' *(નુઝહતુલ ખવાતિર, ભાગ–૮)*

**જનાબ મલિક ગુલામ અલી નાયબ મૌદૂદી** લખે છે કે, ''હકીકત એ છે કે મૌલાના અહમદ રઝાખાં સાહબના બારામાં અત્યાર સુધી અમે લોકો સખત ગલતફહમીમાં અટવાયેલા રહ્યા. તેમની અમુક કિતાબો તથા ફતવાઓના અભ્યાસ બાદ એ નિર્ણયે પહોંચ્યો છું કે જે ઈલ્મી ગહરાઈ મેં તેમને ત્યાં જોઈ તે ખૂબ જ જુઝ ઉલમામાં જોવા મળે છે. અને ખુદા વ રસૂલનો ઈશ્ક તો તેમની લીટી લીટીએથી ફૂટી પડે છે.'' *(શહાબ–અઠવાડિક, લાહોર, ૨૫–નવે. ૧૯૬૬)*

ઉપરાંત ઘણા વિરોધી આલિમોએ મજબૂરન આપની તારીફ કરી છે. ત્યારથી આજ સુધી આપની ખૂબીઓની પ્રશંસા આપણા તો આપણા પણ વિરોધીઓ કરતા રહ્યા. પણ અફસોસ કે વર્તમાનકાળમાં એક બલા એવી નીકળી કે કહેવાતા સુન્નીઓમાં કેટલાક દીન તથા શરીઅતની બાબતમાં પોલ ચલાવનારા તથા પોતાની વાહ વાહ તથા નામના ચાહનારા દુનિયા કમાવાની ગરજે સમયના આ મહાન મુજદ્દિદની વિરૂધ્ધ કુપ્રચાર કરવા મંડી પડયા અને ત્યાં સુધી કે એવી હવા ચલાવી કે આ'લા હઝરતને ખ્વાજા સાહબ તથા ચિશ્તી બુઝુર્ગોથી અકીદત ન હતી ! (મઆઝલ્લાહ !)

ખુદાના ફઝ્લથી હઝરત મૌલાના સૈયદ સલીમ બાપુ બેડીવાળા (જામનગર) થકી એક કિતાબ ''ઈમામ અહમદ રઝા ઔર મશાઈખે ચિશ્ત'' (લેખક : **હઝરત મૌલાના રહ્મતુલ્લાહ સિદ્દીકી સાહબ,** તંત્રી–પૈગામે રઝા, ખતીબો ઈમામ કાદરી જામે મસ્જિદ, નાયકનગર–સાયન, મુંબઈ) મને વાંચવા મળી જેમાંથી ઉપરોક્ત કુપ્રચારનો પર્દો ચીરતા પ્રસંગો તથા કથનો અત્રે રજુ કરતાં હું ખુશી અનુભવું છું અને વાંચકોને દીની બાબતે ઈન્સાફથી રહેવા તથા હક્કને સ્વીકારવાની અપીલ કરું છું કે આંખો મીંચીને કોઈની વાતોમાં આવી તેના અનુસરણમાં રહી ગુમરાહીમાં ન પડે, બલ્કે ખુદાએ બુદ્ધિ આપી છે તો હક્કની પરખ કરી હક્ક માર્ગે રહે એમાં જ બંને જહાનની ભલાઈ છે.





بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**રાજ કિસ શહરમેં કરતે નહીં તેરે ખુદ્દામ**
**બાજ કિસ નહરસે લેતા નહીં દરયા તેરા**
**મઝરએ ચિશ્તો બુખારાઓ ઈરાકો અજમેર**
**કૌનસી કિશ્ત પર બરસા નહીં ઝાલા તેરા**

***(આ'લા હઝરત** رضی اللہ عنہ**)***

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ નાં સુન્નિયત પર જે એહસાનો છે તેનાથી કોણ અજાણ છે ? આપે એહલે સુન્નત વ જમાઅત સામે ઉઠતા તમામ પ્રકારના ફિત્નાઓ સામે તને તનહા જબરદસ્ત ટક્કર લઈને તેમની કમ્મરને તોડી નાખી છે, ચાહે તે વહાબિયતનો ફિત્નો હોય કે દેવબંદિયતનો હોય, કાદયાનિયતનો ફિત્નો હોય કે ચકળાલ્વિયતનો ફિત્નો હોય, ચાહે બેશરઅ પીરોનો હોય કે જૂઠા સૂફીઓનો હોય...... દરેકની સામે કુર્આન, હદીષ તથા બુઝુર્ગોના અકવાલ (કથનો) થકી મોરચો રચીને તેમની નાકને ધૂળમાં રગડી કાઢી છે. ખાનકાહી રસ્મો રિવાજ સમક્ષ, કબરો પર ફૂલ ચાદર ચઢાવવા સંબંધે હોય કે ઉર્સ તથા ન્યાઝ સંબંધે હોય, ફાતેહા તથા તબર્રુકના સંબંધે હોય, બદ્અકીદા લોકો તરફથી ઉઠેલા શિર્ક બિદઅતના ફત્વાઓના મારા સામે સીનો તાણીને હિંદુસ્તાનની ભૂમી પર કોઈએ એનો સામનો કરી તેના સચોટ જવાબો આપ્યા હોય તો તે ઈમામ અહમદ રઝાની જ શખ્સિયત છે.

ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી علیہ الرحمۃ والرضوان ના ઈશ્કો ઈર્ફાન તથા ઈમાનો યકીનના પ્રજ્વલિત કરેલા ચિરાગના તુફૈલ દર્સગાહોનો વકાર અને ખાનકાહોની પવિત્રતા મેહફૂઝ છે. તે ખાનકાહ તબાહ થઈ ગઈ જેનો રિશ્તો ઈમામ અહમદ રઝાથી તૂટી ગયો અને તે

દર્સગાહ તમામતર શોહરત તથા મકબૂલિયતના હોવા છતાં પોતાની મઝહબી તથા મસ્લકી વિશિષ્ટતાને સાચવી ન શકી જેણે આપની વિચારધારા તથા માન્યતાઓ સાથે એકમતિ ન સાધી.

દેશની ઘણી ખરી ખાનકાહોમાં બિદઅતો તથા મના કરેલ બાબતો ખુલ્લેઆમ થાય છે અને ઈમામે અહલે સુન્નતે બિદઅતો તથા ગુનાહિત બાબતોમાં પડનારાઓનો સખત રીતે પીછો કર્યો છે, એ જ કારણે ઘણા બધા પીર સાહબો આપના ખયાલો તથા વિચારો સાથે સંમતિ ધરાવતા હોવા છતાં માલ પ્રાપ્તિના ખાતર ખાનકાહોને એ ગંદકીઓથી દૂર ન રાખી શક્યા જેના કારણે આજે મઝહબ તથા મસ્લકને સખત નુકસાનોનો સામનો કરવો પડી રહ્યો છે. કાશ ! આપણા સજ્જાદાઓએ ઈસ્લામી કાનૂન તથા શરીઅતના પાકીઝા નિયમોની ભરપૂર તરફદારી કરી હોત તો દીન તથા શરીઅતની આ રીતે બેહુર્મતી તથા બેદઅબી થતી ન જોવા મળત.

વિરોધીઓએ એક તરફ ગૈર શરઈ રસ્મોને ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رضی اللہ عنہ થી સંબંધિત કરી દીધી અને બીજી બાજુ મશાઈખે ચિશતના મુરીદો તથા ચાહકોના દિમાગોમાં એ વાત નાખવાની નાપાક કોશિશ કરી કે, "ઈમામે અહલે સુન્નત ચિશ્તી મશાઈખની શાનની મહાનતાને સ્વીકારનારા ન હતા ! જો એવું ન હોત તો પોતાની કિતાબોમાં જેવી રીતે તેમણે સૈયેદિના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ની અઝમતોનાં ગીતો ગાયાં છે અને તેમનો મોટા પાયા પર ઉલ્લેખ કર્યો છે એ જ પ્રમાણે મશાઈખે ચિશતનો પણ કરત, પણ આપની કિતાબો ચિશ્તી બુઝુર્ગોના વર્ણનોથી ખાલી છે." જો કે **આ પ્રકારની વાતોને વાસ્તવિક્તા સાથે કોઈ સંબંધ નથી,** પણ વિરોધીઓએ હિટલરના કૌલ પર સખ્તી સાથે અમલ કર્યો કે એક જૂઠને એટલીવાર બોલો કે તે સત્ય લાગવા માંડે. આ રીતે અહલે સુન્નતનો એક મોટો વર્ગ ઈમામ અહમદ રઝા قدس سرہ થી કતરાયેલો તથા વિમુખ રહેવા લાગ્યો અને બદ્‌ગુમાનીનું વાતાવરણ આજે પણ જોવામાં આવી રહ્યું છે.

એ હકીકતથી કોઈ ઈન્કાર નથી કરી શક્તુ કે ઘણી બધી ચિશ્તી





મશાઈખની ખાનકાહો એવી છે જ્યાં ઈમામે અહલે સુન્નતનો ઉલ્લેખ ઘણા જ અણગમા સાથે કરવામાં આવે છે. આ જ બાબતોને લક્ષમાં લઈને અમે આ લેખ લખવા પ્રેરાયા છીએ જેના થકી આવા પ્રકારની શંકા કુશંકાઓને સત્યના પ્રકાશમાં દૂર કરવામાં આવે.

આવો ! આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ને અજમેર શરીફથી કેવી અકીદત હતી તેનો નઝરો જોઈ લો !

## ★ અજમેર શરીફને "શરીફ" ન કહેવું કેવું ? ★

અજમેર શરીફથી જનાબ હકીમ ગુલામ અલી સાહબ મર્હૂમે ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વીની બારગાહમાં સવાલ મોકલ્યો કે :–

**સવાલ** : "જો કોઈ મોલ્વી પોતાના મદ્રસાના દરવાજા પર, ખિલાફતના બોર્ડ ઉપર, ખિલાફતની ટોપી ઉપર અને ખિલાફતની રસીદ ઉપર ફક્ત "અજમેર" લખે, તો શું અજમેરની સાથે શબ્દ "શરીફ" ન લખવો અને અસલી નામ "ગુલામ મોઈનુદ્દીન" પર "ગુલામ" ન લખવું એ અહલે સુન્નતના અકીદાની વિરૂધ્ધ છે કે નહીં ?

**જવાબ** : આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ એ એનો જવાબ આ પ્રમાણે આપ્યો છે :–

"અજમેર શરીફના પાક નામ સાથે "શરીફ" શબ્દ ન લખવો અને તે તમામ મૌકાઓમાં તેની કાળજી લેવી જો એ કારણે છે કે હુઝૂર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ના તશરીફ લાવવાને, આપની જાહેરી હયાતને તેમજ મઝારે પુર અન્વારને (જેના સબબે મુસલમાનો અજમેર શરીફ કહે છે) શરાફત–બુઝુર્ગીનો સબબ નથી સમજતો તો ગુમરાહ છે, બલ્કે અલ્લાહનો દુશ્મન છે. સહીહ બુખારી શરીફમાં છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે; "અલ્લાહ عزوجل ફર્માવે છે કે જેણે મારા વલી સાથે અદાવત રાખી તેની સાથે મારુ જંગનું એ'લાન છે." અને જો આ નાપાક કાર્ય (કે "શરીફ" ઈરાદાપૂર્વક ન લખવું) જો લખવામાં આળસ કે સુસ્તીના કારણે છે તો સખ્ત બેબરકતી તથા મહાન ફઝ્લ તથા અઢળક ભલાઈથી

મેહરૂમ છે. જેમ કે ઈમામ મુહક્કિક મોહ્યુદ્દીન અબૂ ઝકરિયા قدس سرہ એ તારીઝમાં દર્શાવ્યું છે. અને જો એનો સબબ વહાબિયત છે તો વહાબિયત કુફ્ર છે પછી તો એવી વાતોની ફરિયાદ જ શું !

પોતાના નામની સાથે "ગુલામ" ન લગાડવું જો એ કારણે હોય કે હુઝૂર ખ્વાજએ ખ્વાજગાન رضی اللہ عنہ નો ગુલામ થવાથી ઈન્કાર ધરાવે છે તો દસ્તૂર મુજબ ગુમરાહ છે તથા હદીષના હુકમાનુસાર અલ્લાહનો દુશ્મન છે અને તેનું ઠેકાણુ જહન્નમ છે. રબ ફર્માવે છેઃ–

**(અર્થ)** : "ઘમંડીઓનું ઠેકાણુ, જહન્નમ જ છે." અને જો વહાબિયતના કારણે છે કે ઔલિયાના ગુલામ બનનારાઓને મુશ્રિક અને "ગુલામ મોહ્યુદ્દીન" તથા "ગુલામ મોઈનુદ્દીન"ને શિર્ક જાણે છે, તો વહાબી તો ખૂદ ઝિન્દીક, બેદીન, કાફિર તથા મુર્તદો છે. "અને કાફિરો માટે દર્દનાક અઝાબ છે." અલ્લાહ બેહતર જાણનાર છે. *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૬, પેજ–૧૮૬)*

ઉપરોક્ત સવાલ તથા આ'લા હઝરતના જવાબને ફરી એકવાર વાંચો અને જુઓ કે ઈમામ અહમદ રઝાને ખ્વાજા સાહબથી કેવી અકીદત તથા મહોબ્બત છે અને ખ્વાજા સાહબથી કીનો રાખનારાઓ પર આપ કેવા સખ્ત છે ?!

પ્યારા સુન્ની ભાઈઓ ! જ્યારે એક મુસલમાન પર બદ્ગુમાની હરામ છે તો પછી આજે રસ્તે ચાલતો જાહિલ અદના માણસ એક મુજદ્દિદ તથા ઈમામે અહલે સુન્નત માટે ધડ દઈને ગમે તેમ બકવાસ કરી નાખે તો વિચારી લો ! એ પોતાનું ઠેકાણું ક્યાં બનાવશે ? અને આ'લા હઝરત વલીએ કામિલ હતા તો આ વલીની સાથે અદાવત કે કીનો રાખી જહન્નમનો હક્કદાર નહીં બને ! જેણે આપણને ઈશ્કે નબીમાં તડપતાં શીખવાડયું, જેણે ઈશ્કે અવલિયાની દૌલતથી આપણા સીનાને રોશન કર્યો, જેણે ઔલિયાના દુશ્મનોનાં ચિથડાં વેરી કાઢયાં, જેણે આ'લે રસૂલની તા'ઝીમ દુનિયાને શીખવાડી તેના પર ઉલ્ટો ઈલ્ઝામ ?! હે લોકો ! અલ્લાહથી ડરો ! અને આવી વાતોથી તૌબા કરો.

આવો ! આગળ વધો ! મશાઈખે ચિશ્તથી ઈમામ અહમદ રઝાને





કેવો લગાવ તથા મહોબ્બત છે તેને જોઈ લો ! :–

## ★ ખ્વાજા સાહબ ચોક્કસ ગરીબનવાઝ છે ! ★

કાનૂપરથી જનાબ યાકૂબ સાહબ મર્હૂમે છ સવાલો પર આધારિત એક સવાલનામુ આ'લા હઝરત ઈમામે અહલે સુન્નતની ખિદમતમાં મોકલ્યું, તેમાંના બે પ્રશ્નો અત્રે રજુ કરીએ છીએ :–

(૧) હઝરત ગૌષે પાક قدس سرہ ને "દસ્તગીર" કહેવા જાઈઝ છે કે નહીં ?

(૨) હઝરત ખ્વાજા મોઈનુદ્દીન સંજરી قدس سرہ ને "ગરીબ નવાઝ" લકબથી પુકારવા જાઈઝ છે કે નહીં ?

ઈમામે અહલે સુન્નતે એનો આ પ્રમાણે જવાબ આપ્યો છે :–

"હુઝૂર સૈયેદેના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ચોક્કસ (Sure) "દસ્તગીર" છે અને સુલ્તાનુલ હિંદ મોઈનુલ્ હક્ક વદ્દીન ચોક્કસ "ગરીબ નવાઝ" છે.

સૈયદેના ઈમામુલ હસન નૂરૂદ્દીન "બેહજતુલ અસ્રાર શરીફ"માં સૈયેદેના અબુલ કાસિમ ઉમર બઝ્ઝાઝ قدس سرہ થી રિવાયત કરે છે : (અર્થ) મેં મારા શયખ સૈયદ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ ને ઘણીવાર એવું ફર્માવતાં સાંભળ્યા કે મારા ભાઈ હુસૈન હલ્લાજનો પગ સરકયો. તેમના સમયમાં કોઈ એવો ન હતો કે તેમની દસ્તગીરી કરતો, એ સમયે હું હોત તો તેમની દસ્તગીરી (મદદ) કરત અને મારા અસ્હાબ અને મારા મુરીદો અને મારાથી મહોબ્બત રાખનારાઓમાં કિયામત સુધી જેનાથી લગઝિશ થશે તેમનો હું "દસ્તગીર" (મદદગાર) છુ. વલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન. તમામ મુસલમાનોની જીભ પર હુઝૂરનો લકબ ગૌષે આ'ઝમ છે એટલે "સૌથી મોટી ફરિયાદ રસ". શાહ વલીયુલ્લાહ તથા શાહ અબ્દુલ અઝીઝ એ તો ઠીક પણ ખૂદ ઈસ્માઈલ દહેલ્વીએ ઠેક ઠેકાણે હુઝૂરને ગૌષે આ'ઝમથી યાદ કર્યા છે, આ ફરિયાદ રસી તથા દસ્તગીરી નથી તો શું છે ? હઝરત શયખ મુજદ્દિદ અલ્ફેષાની પોતાના પત્રોમાં ફર્માવે છે :–

"આ દુનિયાથી આપના (ખ્વાજા સાહબના) તશરીફ લઈ ગયા બાદ તેમના મઝાર પર ઈદના દિવસે ઝિયારત માટે ગયો હતો. મઝારે મોતબર્રકથી તવજ્જોહ દરમ્યાન તેમની મુકદ્દસ રૂહાનિયતથી સંપૂર્ણ તવજ્જોહ જાહેર થઈ. **ગરીબ નવાઝ**નો કમાલ કે જેની ખાસ નિસ્બત ખૂદ હઝરત ખ્વાજા અહરાર પ્રતિ મન્સૂબ છે તે અતા ફર્માવ્યો." *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૧૧, પેજ–૪૪)*

## ★ હઝરત ખ્વાજાના મઝારથી ઘણા ફય્ઝો તથા બરકતો મળે છે ★

એક સવાલના જવાબમાં આ'લા હઝરતે ખ્વાજા સાહબનો ઉલ્લેખ કરતાં ફર્માવ્યું :–

"......હઝરત ખ્વાજાના મઝારથી ઘણા બધા ફય્ઝો તથા બરકતો હાંસલ થાય છે. મૌલાના બરકાત અહમદ સાહબ મર્હૂમ જેઓ મારા પીર ભાઈ તથા મારા વાલિદ માજિદ رحمۃ اللہ علیہ ના શાર્ગિદ હતા તેમણે મને વર્ણન કર્યું કે મેં મારી આંખોથી જોયું કે એક હિન્દુ જેના માથાથી પગો સુધી ફોલ્લા હતા, અલ્લાહ જ જાણે કે કેટલા હશે ?! તે બપોરે આવતો અને દરગાહ શરીફની સામે ગરમ કાંકરીઓ અને પથ્થર પર આળોટતો અને કહેતો કે ખ્વાજા ! અગન લાગી છે ! ....... ત્રીજા દિવસે જોયું કે સારો થઈ ગયો છે. *(મલ્ફૂઝાત, પેજ–૩૨૪)*

આ'લા હઝરતે ફર્માવ્યું કે ભાગલપુરથી એક ભાઈ દર વર્ષે અજમેર શરીફ હાજર થતા રહેતા હતા. એક વહાબી રઈસથી મુલાકાત થઈ તેણે કહ્યું કે મિયાં ! દર વર્ષે કયાં જયા કરો છો ? બેકાર આટલા રૂપિયા ખર્ચ કરો છો ! તેમણે કહ્યું કે, ચાલો ! ઈન્સાફની આંખથી જુઓ પછી તમને ઈખ્તિયાર છે. ખૈર, એક વરસે તે સાથે આવ્યો. જોયું કે એક ફકીર સોટો લઈને રોઝા શરીફની આસપાસ ચક્કર મારી રહ્યો છે અને એવું પોકારી રહ્યો છે કે, "ખ્વાજા ! પાંચ રૂપિયા લઈશ અને એક કલાકની અંદર લઈશ ! અને એક જ માણસ પાસેથી લઈશ !" જ્યારે તે વહાબીને ખયાલ આવ્યો કે હવે ઘણો સમય પસાર થઈ ગયો છે, એક કલાક થઈ ગયો અને હજી સુધી તેને કોઈએ કાંઈ નથી આપ્યું, તો ખિસ્સામાંથી





પાંચ રૂપિયા કાઢીને તેના હાથમાં રાખતાં કહ્યું કે, "મિયાં ! તમે ખ્વાજા સાહબથી માંગી રહ્યા છો ! ભલા એ શું આપશે ! લો હું આપુ છું !" ફકીરે તે પાંચ રૂપિયા તો ખિસ્સામાં રાખી દીધા અને એક ચક્કર લગાડીને જોરથી કહ્યું કે, ખ્વાજા ! તારા પર કુર્બાન જાઉં ! અપાવ્યા પણ કેવા ખબીષ મુન્કિર પાસેથી !" *(અલ્ મલ્ફૂઝાત, પેજ–૩૨૬, ૩૨૭)*

ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ હુઝૂર સૈયેદના ખ્વાજા ગરીબ નવાઝ رضی اللہ عنہ ના સંબંધે ઘણા વાકયાઓ પોતાની કિતાબોમાં ઠેક ઠેકાણે નકલ કરેલા છે એને એક ઠેકાણે સંકલિત કરવાની જરૂર છે. કેટલાક માણસો છે જેઓ પોતાની શક્તિ અનુસાર કાંઈ ન કાંઈ કરતા રહે છે. પણ માલદાર **તબકો** તોષા તથા **ન્યાઝ** પર લાખો રૂપિયા ખર્ચ કરી નાખે છે, પરંતુ જ્યારે એ જ **તોષો** તથા **ન્યાઝ** જેની કરવામાં આવે **તે બુઝુર્ગના જીવનચરિત્ર પર, આપની દીની ખિદમતો પર, આપની શરીઅતની પાબંદી તથા તકવા સંબંધે તેમજ આપના આદેશો સંબંધે કિતાબ છપાવવાની વાત આવે છે તો ચહેરાનો રંગ બદલાય જાય છે !** આપણી સુન્ની જમાઅતમાં જે લોકો લેખનકાર્યમાં, સંપાદન કાર્યમાં શોખ ધરાવે છે તેમને સહાય કરી પ્રોત્સાહિત કરવા જોઈએ તો આવા ગલત ખયાલો ફેલાવનારાઓથી અવામ ગુમરાહી તરફ જતી બચી શકે અને એ અતિ જરૂરી તથા અતિ સવાબનું કાર્ય છે અને તે બુઝુર્ગની બારગાહમાં સવાબનું અણમોલ નઝરાણુ ગણાશે.

મઝહબ તથા મસ્લકની રક્ષા માટે સાહિત્ય મહત્વનો રોલ ભજવે છે. આ'લા હઝરતે પોતે "સુન્નિયતની પ્રગતિ" માટે દસ મુદ્દાનો જે કાર્યક્રમ દર્શાવ્યો છે, તેમાં આ બાબત પર ખૂબ ધ્યાન કરવા જણાવ્યું છે પણ આપણી જમાઅતના સમજદાર લોકોએ આ તરફ ધ્યાન નથી કર્યું જ્યારે કે વિરોધી જમાઅતો આ ક્ષેત્રે આગળ નીકળી ગઈ છે અને તેનાં નુકસાનો આપણી સમક્ષ છે. (એ મુદ્દો એ છે કે જે માણસ જે કામની લાયકાત ધરાવતો હોય તેને રોજી રોટીની ચિંતાથી મુક્ત કરી દો અને તેની પાસેથી તે કામ લો. જે લખી શકે છે તેની પાસેથી તેવું કામ લો, જે અન્ય કામ કરી શકે તેનાથી તેવું કામ લો.)

## ★ આ'લા હઝરત અને બખ્તિયાર કાકી ★

એક જણે આ'લા હઝરત ઈમામ અહમદ રઝાને બિસ્મિલ્લાહ ખ્વાનીની રસ્મની ઉમરના વિશે સવાલ કર્યો તો તેનો જવાબ આપે હુઝૂર સૈયદ કુત્બુદ્દીન બખ્તિયાર رحمۃ اللہ علیہ ના હવાલાથી આપ્યો.

સવાલ કરવામાં આવ્યો કે હુઝૂર ! બિસ્મિલ્લાહ ખ્વાની કરાવવાની ઉમર શરીઅતની રૂએ નિશ્ચિત છે ? તો આપે જવાબ આપ્યો :–

"શરીઅતની રૂએ કાંઈ નિશ્ચિત નથી, હા ! મશાઈખે કિરામને ત્યાં ચાર વરસ, ચાર મહીના, ચાર દિવસ નિશ્ચિત છે. હઝરત ખ્વાજા કુત્બુલહક્ક વદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ની ઉમર જે દિવસે ચાર વરસ, ચાર મહીના, ચાર દિવસની થઈ તો બિસ્મિલ્લાહ ખ્વાનીનો પ્રોગ્રામ નક્કી થયો, લોકોને બોલાવવામાં આવ્યા. હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رضی اللہ عنہ પણ તશરીફ લાવ્યા. બિસ્મિલ્લાહ પઢાવવા ચાહ્યું તો ઈલ્હામ થયો કે, થોભો ! હમીદુદ્દીન નાગોરી આવે છે તે પઢાવશે. આ તરફ નાગોરમાં કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ ને ઈલ્હામ થયો કે જલ્દી જાવ ! અને મારા બંદાને બિસ્મિલ્લાહ પઢાવ ! કાઝી સાહબ તુરત જ તશરીફ લાવ્યા અને આપને ફર્માવ્યું, "સાહબઝાદા ! પઢો ! **બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ** !" આપે પઢયું, **અઊઝુબિલ્લાહિ મિનશ્શયૃતાનિર્રજીમ, બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ.** અને શરૂથી લઈને પંદર સીપારા મોઢે સંભળાવી દીધા ! હઝરત કાઝી સાહબ અને ખ્વાજા સાહબે સાહબઝાદાને આગળ પઢવા જણાવ્યું તો કહ્યું કે, "મેં મારી માના પેટમાં આટલા જ સાંભળ્યા હતા અને એટલા જ એમને યાદ હતા જે મને પણ યાદ થઈ ગયા....." *(મલ્ફૂઝાત, પેજ–૪૧૪)*

**આંખવાલા તેરે જોબનકા તમાશા દેખે**
**દીદાએ કોર કો ક્યા આયે નઝર ? ક્યા દેખે !**

તબીઅત ચાહે છે કે ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદરઝા رضی اللہ عنہ ના કલમને ચૂમી લેવામાં આવે ! પૂર્વજ બુઝુર્ગો (અસ્લાફ)ની જે અકીદત આપણને આપની બારગાહથી મળે છે તે અન્ય ઠેકાણે ખૂબ જ ઓછી જોવા મળશે. બાતિલ કુવ્વતો હમેશાં હક્કની





વિરૂધ્ધ અવાજો ઉઠાવતી રહી છે અને તેમની એ કોશિશ હોય છે કે પહેલાં તે ઉમ્મતના સ્તંભોમાંની શખ્સિયતોને નિશાન બનાવવામાં આવે જેમના થકી દીન તથા શરીઅતનો ભરમ કાયમ છે, અને જેમના કદમોમાં લોકો પોતાનું સર્વસ્વ કુર્બાન કરવા તત્પર રહે છે. તો જ્યારે તે શખ્સિયત શંકાસ્પદ થઈ જાય (કોઈ ખોટો આક્ષેપ લગાડીને) તો તેનું મિશન અને તેની તા'લીમાત ખૂદ બ ખૂદ શંકાસ્પદ થઈ જશે ! પણ જેમને રબ તઆલા સારું દિલ આપે છે તેમને ખરા ખોટા વચ્ચે તફાવત કરવાની કાબેલિયત પણ આપી દે છે. તેઓ સુની સુનાઈ વાતો પર કદી ભરોસો નથી કરતા જ્યાં સુધી કે આંખોથી નથી જોઈ લેતા અને તે સમય સુધી જીભ નથી ઉઘાડતા.

હુઝૂર સૈયેદના ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ થી એક જણે સવાલ કર્યો કે હુઝૂર ! "કાકી"નો શો અર્થ છે અને એની નિસ્બત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકીથી શાથી થઈ ? તો જવાબ આપ્યો :–

"હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ની ખિદમતમાં કેટલાક મુસાફરો હાજર થયા. આપના ત્યાં તે સમયે કાંઈ ખાવા પીવાનો સામાન હતો નહીં, તો ગયબથી રોટલીઓ (કાક) આવી જે સૌને માટે પૂરતી થઈ ગઈ. ત્યારથી આપ "કાકી" મશ્હૂર થઈ ગયા........" *(મલ્ફૂઝાત શરીફ, પેજ–૧૧૫, ૧૧૬)*

## ★ આ'લા હઝરત બારગાહે નિઝામુદ્દીન ઔલિયામાં ★

મુસલમાનો પર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ નાં જેવી રીતે ઘણા એહસાનો છે તેમાંનું એક એહસાન એ પણ છે કે આપે ઔલિયાએ કિરામના મકામ તથા મર્તબા અને તેમની અઝમત (મહાનતા) તથા રફઅત (ઉચ્ચતા)ની હિફાઝતના માટે ખૂબ જ જદ્દો જેહદ કરી છે. આપની અતિશય કોશિશોનું જ પરિણામ છે કે મુસલમાનોનાં દિલોમાં એ પાકીઝા સિફાત શખ્સિયતોની મહોબ્બતનો ચિરાગ રોશન છે.

હઝરત સૈયેદના મહબૂબે ઈલાહી رضی اللہ عنہ ની બારગાહ બીમારોના માટે દારુશિફા છે, મોટા મોટા હોદ્દેદારો અને માલો દૌલતવાળા ત્યાં ન્યાઝમંદીની સાથે હાજર થાય છે અને ઈન્શાઅલ્લાહ કિયામત સુધી

આ ક્રમ ચાલુ રહેશે.

ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત કોઈ વલીની અઝમતો (મહાનતા)નો સ્વીકાર કિતાબોના અભ્યાસથી કર્યા કરતા ન હતા, બલ્કે પોતાની નિગાહોથી જોઈને કર્યા કરતા હતા. એટલા માટે કે આપની ખૂદની બાતિની કુવ્વત (રૂહાની શક્તિ)નો આલમ એ હતો કે જો કોઈના મુર્દા દિલ પર પોતાનો દસ્તે કરમ ફેરવી દેતા તો મુર્દા દિલ ઝિંદા થઈ જતું. અને જો કોઈ ખુદાના વલીના પર ફૈઝનો દરવાજો બંધ થઈ જતો તો તેને ખોલવાની આપને ગુઝારિશ કરતા.

હુઝૂર સૈયેદેના મહબૂબે ઈલાહી નિઝામુદ્દીન ઔલિયા رضی اللہ عنہ ની બાઅઝમત બારગાહમાં ઈમામે અહલે સુન્નતે પણ હાજર થઈને ફૈઝ પ્રાપ્ત કર્યો છે. આપે આપના મલ્ફૂઝાત શરીફમાં હુઝૂર સૈયેદેના મહબૂબે ઈલાહીનું જે રીતે વર્ણન કર્યું છે એનાથી હુઝૂર સૈયેદેના મહબૂબે ઈલાહીની અતિશય મહોબ્બત અને મકામ તથા મર્તબો પ્રદર્શિત થતો જોવા મળે છે. હુઝૂર સૈયેદેના મહબૂબે ઈલાહીની રોશન ઝમીરીનો ઉલ્લેખ આ'લા હઝરત આ પ્રમાણે કરે છે :–

''૧૭ મી શરીફ માહે ફાખિર રબીઉલ આખિર હિ.સ. ૧૨૯૩ માં ફકીર (આ'લા હઝરત)ને એકવીસમુ વરસ હતું. આ'લા હઝરત પોતાના વાલિદે માજિદ તથા હઝરત મુહિબ્બે રસૂલ જનાબ મૌલાના મોલ્વી મુહમ્મદ અબ્દુલકાદિર સાહબ કાદરી બદાયૂની આલિયાની સાથે મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ની બારગાહમાં હાજર થયા. હુજરા શરીફની ચારેબાજુ બાતિલ ખેલ તથા મનોરંજનની મજલિસો ગરમ હતી. શોર તથા ધમાલમાં કાન પર કોઈ વાતનો અવાજ સંભળાતો ન હતો. બંને હઝરાતે આલિયા પોતાના મુત્મઈન દિલો સાથે કબ્ર શરીફ પાસે હાજર થઈને મશ્ગૂલ થઈ ગયા. આ ફકીરે (આ'લા હઝરતે પોતે) શોરબકોરની ભીડના લીધે પરેશાની અનુભવી. દરવાઝાએ મુતહ્હરા પર ઉભા રહીને હઝરત સુલ્તાનુલ ઔલિયાથી અર્ઝ કરી કે, હે મૌલા ! ગુલામ જેના માટે હાજર થયો તેમાં આ અવાજો દખલ પાડી રહી છે. આવી અર્ઝ કરીને **બિસ્મિલ્લાહ** કહીને જમણો પગ હુજરાના પાક દરવાજામાં રાખ્યો તો





ખુદાના હુકમથી સર્વ અવાજો તરત જ અદશ્ય થઈ ગયા. મેં ગુમાન કર્યું કે આ લોકો ખામોશ થઈ ગયા છે. પાછળ ફરીને જોયું તો એ જ બજાર ગરમ હતું, અંદર રાખેલો કદમ બહાર કાઢયો તો ફરી તે જ અવાજો ને જોશ જોવા મળ્યો. ફરી **બિસ્મિલ્લાહ** કહીને જમણો પગ અંદર મૂક્યો તો ફરી એ જ પ્રમાણે શાંતિ જણાઈ (કાન પર કાંઈ ન સંભળાતુ હતુ). હવે જણાયું કે આ મૌલાનો કરમ અને હઝરત સુલ્તાનુલ ઔલિયાની કરામત તથા આ નાચીઝ બંદા પર રહમત તથા મદદ છે. અલ્લાહનો શુક્ર અદા કર્યો અને મવાજહે આલિયામાં મશ્ગૂલ થઈ ગયો, ત્યાં કોઈ અવાજ ન સંભળાયો. પણ જેવો બહાર આવ્યો તો ફરી એ જ હાલ હતો કે ખાનકાહની બહાર કિયામગાહ સુધી પહોંચવું મુશ્કેલ થયું. ફકીરે (આ'લા હઝરતે) આ પોતાના પર ગુઝરેલી ગુઝારિશ રજુ કરી, કેમ કે પ્રથમ તો એ અલ્લાહની નેઅમત હતી અને રબ તઆલા ફર્માવે છે : **(અર્થ)** ''તમારા રબની એ નેઅમતોને લોકોમાં ખૂબ વર્ણન કરો.'' તેમ જ બીજું એમાં ઔલિયા કિરામના ગુલામો માટે ખુશખબરી તથા મુન્કિરો માટે બલા તથા અફસોસ છે. ઈલાહી ! સદકો તારા મહબૂબ બંદાઓનો કે અમને દુનિયા તથા આખેરત, કબ્ર તથા હશ્રમાં તારા મહબૂબોની અતિશય બરકતોથી અમને માલામાલ કરે !.. *(મલ્ફૂઝાત શરીફ, પેજ–૪૧૫, ૪૧૬)*

દોસ્તો ! વાંચો ! આ આ'લા હઝરતે વર્ણન કર્યું છે ! અને જેમના દિલમાં આ'લા હઝરત પ્રત્યે કીનો છે તેવા બીમાર દિલોને બતાવો ! કે **અકીદત શીખવી હોય બુઝુર્ગોની તો આ'લા હઝરતના દરના પ્રથમ ગુલામ બનો !** પણ તમારી ગંદી ઝબાનને આ'લા હઝરતની વિરૂધ્ધ ચલાવતાં લાખ વાર વિચારો કે તમે કેટલો ભયાનક જુર્મ કરી રહ્યા છો !

એક જગાએ મલ્ફૂઝાત શરીફમાં આ'લા હઝરતે સૈયેદેના મહબૂબે ઈલાહી رضی اللہ عنہ તથા હઝરત ઈમામ યૂસુફ رضی اللہ عنہ ના ઝોહદ તથા કરામત તથા ફિકહી બસીરત, મકામ તથા મર્તબામાં ફર્ક અને મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ ના વાંધાનો જવાબ આપતાં લખ્યું છે :–

હઝરત મહબૂબે ઈલાહી رضی اللہ عنہ નો લકબ ઝરબખ્શ છે. હઝરતની બખ્શિશની એ હાલત હતી કે બાદશાહને ત્યાંથી મોટા મોટા કિંમતી

જવેરાત ભરેલા થાળો લાવીને રાખવામાં આવ્યા. એક જણ હાજર હતો તેણે અર્ઝ કરી, આ તમારા માટે તોહફો છે.

તો આપે ઈર્શાદ ફર્માવ્યો, આ એકલા મારા માટે જ નથી ! આવું કહીને સૌ તેને આપી દીધું.

હઝરત ઈમામ યૂસુફ رضی اللہ عنہ ની પાસે હારૂન રશીદે રૂપિયા અશરફીઓના થાળ મોકલ્યા. એક જણે અર્ઝ કરી, આ તોહફા તમારા સૌના માટે છે. ઈર્શાદ ફર્માવ્યો, આ ફળોની જેમ છે કે જે હદિયો પેશ કરવામાં આવે તે તમામ હાજરનોમાં બરાબર રીતે વહેંચાતો હોય છે. એના સિવાય અન્ય ચીજોનો હુકમ નથી. આ બંને બનાવોને લખીને મુલ્લા અલી કારી علیہ رحمۃ الباری એ વાંધો ઉઠાવ્યો કે બંને જવાબો આપસમાં મેળ ખાતા નથી. મેં તેના હાશિયા પર એ જવાબ લખ્યો કે ઈમામ યૂસુફ رحمۃ اللہ علیہ મકામે તશરીહમાં હતા, તેમના એક એક કાર્યો તથા કથનો તથા હાલતોથી એટલે સુધી કે તેમના એક એક દેખાવ પરથી દલીલો કરવામાં આવે છે અને આ મકામે તબતીલમાં હતા, આમનો મર્તબો એમના મર્તબાથી અલગ છે. અહીં ગૈરથી તદન કટ થવું છે, એથી ઉલ્ટુ તેમનો એક ફેઅલ બલ્કે તેમની એક પોશિશ (છુપાવવું) સુદ્ધાં દલીલ હોય છે. તેમની તમામ હાલતો મન્કૂલ હોય છે. એકવાર આપ યૌમે શકમાં એટલે જે દિવસે શક હોય કે તે રમઝાનની પહેલી છે કે શા'બાનની ત્રીસમી છે, આપ બપોર પછી બજારમાં તશરીફ લાવ્યા અને ફર્માવ્યું કે રોઝો ખોલી નાખો. તે વખતનો આપનો દેખાવ નકલ થયેલ છે કે કાળા ઘોડા પર સવાર હતા, કાળો લિબાસ પહેરલ હતા, કાળો અમામો બાંધેલ હતો, મતલબ કે દાઢી મુબારક સિવાય કોઈ ચીજ સફેદ ન હતી. એના પર ક્યાસ કાઢવામાં આવ્યો કે કપડાં કાળા રંગનાં પહેરવાં જાઈઝ છે. એક જણે સવાલ કર્યો કે તમારો રોઝો છે કે નથી ? ચુપકીદીથી કાનમાં કહ્યું, હું રોઝાથી છું. એનાથી એ મસ્અલો નીકળ્યો કે મુફતી ખૂદ શકના દિવસે રોઝો રાખે અને અવામને ન રાખવાનો હુકમ આપે. સારાંશ કે આપે બંને સાહબોના મર્તબામાં તફાવત નથી કર્યો. કેમ કે તેમણે કહ્યું કે બંને કથનોમાં કેટલો ફરક છે પરંતુ બંને મર્તબાઓમાં પણ તો કેટલો ફરક છે ......." *(મલ્ફૂઝાત શરીફ, પેજ-૪૧૫, ૪૧૬)*





ઈમામે અહલે સુન્નતની એ ખૂબી હતી કે અસ્લાફની (પૂર્વજ બુઝુર્ગોની) અદબની જાળવણી કોઈ પળે હાથથી જવા દેતા ન હતા અને જે મસ્અલાની તેહકીક કરે છે તેના દરેક પાસાને સ્પષ્ટ કરી દે છે જેનાથી વાંચક દરેક રીતે મુત્મઈન થઈ જાય છે. આપે અસ્લાફના અદબ તથા એહતેરામની જે સમજ જાગૃત કરી છે તેની અસરો આજે દરેક ઠેકાણે જોવા મળે છે. **પૂરા વિ□ાસની સાથે કહી શકાય છે કે જો આપની જાત ન હોત તો કોઈ ખાનકાહ ગુસ્તાખ તથા બદ્ઝબાનોની બુરાઈથી મેહફૂઝ ન રહેત.**

**નજદિયત દારો રસન પર દેખીયે મસ્લૂબ હૈ**
**હમકો બસ નક્શે શહે અહમદ રઝા મત્લૂબ હૈ**

એક સાહિબે વિલાયતે હઝરત મહબૂબે ઈલાહી قدس سرہ ની બારગાહમાં દૂર દરાઝથી હાજરીનો ઈરાદો કર્યો. માર્ગમાં જેનાથી પણ મહબૂબે ઈલાહીના વિશે પૂછતા તે આપની તારીફ જ કરતો. તો તે બુઝુર્ગે પોતાના દિલમાં વિચાર્યું કે મારી મહેનત બેકાર થઈ ગઈ ! કેમ કે તેઓ **જો હક્ક ગો (સત્ય કહેનારા) હોત તો લોકો જરૂર તેમનુ બુરુ બોલતા હોત.** જ્યારે દિલ્હી નજીક આવ્યું તો તેમણે લોકોને આપના વિશે પૂછયું તો હવે બુરાઈઓ સાંભળવા મળી ! કોઈ કહેતું કે દિલ્હીનો મક્કાર (ધોકાબાઝ) છે ! તો કોઈ કાંઈ કહેતું ! તેમણે કહ્યું કે અલ્હમ્દુલિલ્લાહ ! મહેનત વસૂલ થઈ !....." *(મલ્ફૂઝાત શરીફ, પેજ-૨૦૪)*

**આવો ! વધુ એક પ્રસંગ જોઈ લો ! :** ત્રણ કલંદર હઝરત નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ની બારગાહમાં આવ્યા અને એમણે ભોજનની માંગણી કરી. હઝરતે તરત જ ખાદિમોને ભોજન લઈ આવવાનો આદેશ આપ્યો અને તેઓએ જે કાંઈ હાજર હતું તે તેમની સામે મૂક્યું. કલંદરોમાંથી એક જણે તે ભોજન ઉપાડીને ફેંકી દીધું અને કહ્યું કે સારું ભોજન લાવો. હઝરતે તેના અસભ્ય વર્તન તરફ ધ્યાન ન આપતાં ખાદિમોને તેના કરતાં વધારે સારુ ખાણું લાવવાની આજ્ઞા આપી. પરિણામે ખાદિમ પહેલાં કરતાં વધારે સારુ ખાણું લાવ્યો. પેલા કલંદરે પાછુ તે ફેંકી દીધું અને તેના કરતાં સારુ ખાણું માંગ્યું. હઝરતે તેના કરતાં

પણ વધારે સારુ ખાણું પીરસવાનો હુકમ કર્યો અને ખાદિમે તેની સમક્ષ પહેલાં કરતાં પણ ચઢિયાતું ખાણું મૂક્યું પરંતુ કલંદરે તે પાછુ ઉપાડીને ફેંકી દીધું અને તેના કરતાં પણ ચઢિયાતા ખાણાની માંગણી કરી. અંતે હઝરતે પેલા કલંદરને પોતાની પાસે બોલવીને તેના કાનમાં ઈર્શાદ ફર્માવ્યો કે તમે માર્ગમાં મરી ગયેલા બળદનું જે માંસ ખાધું હતું તેના કરતાં તો આ ખાણું સારુ હતું ! આ સાંભળીને પેલા કલંદરની હાલત બદલાઈ ગઈ. હકીકતમાં તેઓ ત્રણેય લાંઘણો ખેંચ્યા પછી રસ્તામાં એક મરેલો બળદ પડયો હતો જેમાં કીડા પડી ગયા હતા તેનું માસ ખાઈને આવ્યા હતા. હા, તો પેલો કલંદર આપના કદમોમાં પડી ગયો. હઝરતે તેને ઉભો કરીને પોતાના સીનાથી લગાડી લીધો અને જે કાંઈ તેને અર્પણ કરવાનું હતું તે અર્પણ કરી દીધું. *(મલ્ફૂઝાતે આ'લા હઝરત, ભાગ–૧, પેજ–૧૨)*

હઝરત મહબૂબે ઈલાહી رضی اللہ عنہ સાથે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ને જે લગાવ તથા હુસ્ને અકીદત તથા અત્યંત મહોબ્બત હતી તે લખાણની લીટી લીટીએથી છલકાઈ રહી છે અને તેમ છતાં હસદખોરો તથા વિરોધીઓ કોઈ અણછાજતા શબ્દો બોલે તો તેમણે પોતાની આખેરતની ફિકર કરવી જોઈએ કે આ ગલત આક્ષેપ સમયના મુજદ્દિદ પર, વલીએ કામિલ લગાડીને તેઓ ક્યાં જશે ?!

ઈમામે અહલે સુન્નતે ઔલિયાએ કિરામની અઝમતોની હિફાઝત કરી, ખાનકાહોના પીરાને તરીકત તથા મશાઈખે શરીઅતને એનો એહસાસ હોવો જોઈએ અને ખાનકાહો તથા દર્સગાહોના બંધારણના વખતે ઈમામે અહલે સુન્નત આ'લા હઝરતના ખયાલોની (માન્યતાઓની) કે જે કુર્આન હદીષ તથા અકવાલે ઉલમાથી સનદ પામેલ છે કાળજી લેવી જોઈએ, એ પ્રમાણે થશે તો ખાનકાહોની પાકીઝગીને પાયમાલ કરવાની કોઈનામાં હિંમત થશે નહીં. મોટી મોટી ખાનકાહો પર બદ્અકીદા લોકો પોતાની નજરો જમાવીને બેઠેલા છે અને ઘણી બધી જગાઓ પર તેઓ કબજા માટે કેસો પણ લડી રહ્યા છે. જો કોઈએ એની તેહકીક કરવી હોય તો દિલ્હીની ભૂમી પર ચાલ્યો જાય કે ત્યાં વહાબી દેવબંદીઓ બાકાયદા મુજાવરી કરતા જોવા મળશે !





## ★ આ'લા હઝરત અને બંદાનવાઝ ગેસૂ દરાઝ ★

ઈમામે અહલે સુન્નત رضی اللہ عنہ ને પૂછવામાં આવ્યું કે, "હુઝૂર ! મોટા ભાગના વાળોને લાંબા રાખનારા હઝરત ગેસૂ દરાઝ બંદા નવાઝ رحمۃ اللہ علیہ ને દલીલ બનાવે છે. તેમના વિશે શો હુકમ છે ?"

આ'લા હઝરતે જવાબ આપ્યો કે, "જેહાલત છે ! નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પુષ્કળ હદીષોમાં એ પુરૂષો પર લઅનત ફર્માવી જેઓ ઔરતો સાથે મુશાબેહત (મળતાપણુ) પેદા કરે. અને તે સ્ત્રીઓ પર લઅ્નત ફર્માવી જે પુરૂષો સાથે સામ્યતા ઉભી કરે. અને સામ્યતા (મુશાબેહત) ઉભી કરવા માટે દરેક વાતમાં સંપૂર્ણપણે દેખાવ બનાવવો જરૂરી નથી, એક જ વાતમાં મળતાપણુ પેદા થાય તે પૂરતુ છે.

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક સ્ત્રીને જોઈ કે પુરૂષો જેમ ખભા પર કમાન લટકાવીને જઈ રહી છે, એના માટે પણ એ જ ફર્માવ્યું કે તે સ્ત્રીઓ પર લઅ્નત જેઓ મર્દો સાથે સામ્યતા (મળતાપણુ) ઉભુ કરે.

ઉમ્મુલ મુઅ્મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ એક સ્ત્રીને પુરૂષો જેવા જોડા પહેરેલી જોઈ. તેના માટે પણ આ જ હદીષ રિવાયત કરી કે પુરૂષો સાથે સામ્યતા ઉભી કરનારી સ્ત્રીઓ મલઊન છે. જયારે કેવળ જોડા તથા કમાન લટકાવવામાં સામ્યતા લઅ્નતનો સબબ છે તો સ્ત્રીઓ જેવા વાળ લાંબા રાખવા એ તો એનાથી સખ્તતર લઅનતનો સબબ બનશે કે તે એક બાહ્ય ચીજ છે અને આ ખાસ શરીરના અંગમાંની છે જેથી ખભાઓથી નીચે વાળો રાખવા હદીષોના હુકમાનુસાર જરૂર લઅ્નતનો સબબ છે અને ચોટલો ગૂંથવો એથીયે અધિક લઅ્નતનો સબબ છે. અને એમાં વધારો કરવો એનાથીય અધિક લઅનતનો સબબ ગણાશે.

આપ ફર્માવે છે : હઝરત સૈયદ ગૈસૂ દરાઝ قدس سرہ એ મુશાબેહત (સામ્યતા) કરી ન હતી. એક ગેસૂ (વાળ) રાખ્યો હતો અને એના માટે ખાસ કારણ હતું કે આપ મહાન આલિમો તથા મહાન સાદાતોમાંથી હતા. યુવાનીની ઉમર હતી. સાદાતની જેમ ખભાઓ સુધી બે વાળો રાખતા હતા કે એ રીતે શરીઅતની રૂએ જાઈઝ બલ્કે સુન્નતથી સાબિત

છે. એકવાર માર્ગમાં બેઠેલા હતા એવામાં હઝરત નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃ اللہ علیہ ની સવારી નીકળી. તો આપે ઉઠીને ઝાનૂએ (જાંગ) મુબારક પર બોસો આપ્યો. હઝરત ખ્વાજા નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, સૈયદ ! હજી નીચે બોસો આપો ! પગો મુબારક પર બોસો આપ્યો. ફર્માવ્યું ! સૈયદ ! ઔર નીચે ! તો આપે ઘોડાની ખરી પર બોસો આપ્યો. એક વાળ (ગેસૂ) પેંગડા મુબારકમાં ભેરવાઈ ગયો હતો તે ત્યાં જ ભેરવાયેલો રહ્યો અને આપ ઘોડાની ખરી સુધી પહોંચી ગયા. હઝરતે ફર્માવ્યું, સૈયદ ! ઔર નીચે ! તેમણે હટાવીને જમીન પર બોસો આપ્યો. ગેસૂ (વાળ) મુબારકથી અલગ કરીને હઝરત તશરીફ લઈ ગયા. લોકોને આશ્ચર્ય થયું કે, ''આવા મહાન સૈયદે આટલા મોટા આલિમની જાંગ પર બોસો આપ્યો છતાં હઝરત રાજી ન થયા ! અને ઔર નીચે બોસો આપવા હુકમ કર્યો ?! તેમણે પગો મુબારકનો બોસો આપ્યો તો ઔર નીચે હુકમ ફર્માવ્યો ! ઘોડાની ખરી પર બોસો આપ્યો તો ઔર નીચેનો હુકમ કર્યો એટલે સુધી કે જમીન પર બોસો આપ્યો !'' આ વાંધો હઝરત સૈયદ ગેસૂ દરાઝે સાંભળ્યો તો ફર્માવ્યું કે, ''લોકો નથી જાણતા કે મારા શયખે આ ચાર બોસાઓમાં શું અતા ફર્માવ્યું ?! જ્યારે મેં ઝાનૂ મુબારક પર બોસો આપ્યો તો આલમે નાસૂત જાહેર થઈ ગયો, જ્યારે મુબારક પગો પર બોસો આપ્યો તો આલમે મલકૂત જાહેર થઈ ગયો, ઘોડાની ખરી પર બોસો આપ્યો તો આલમે જબરૂત જાહેર થયો અને જ્યારે જમીન પર બોસો આપ્યો ત્યારે આલમે લાહૂત જાહેર થઈ ગયો. તે એક વાળ (ગેસૂ) જે આવી મહાન નેઅમતની યાદગાર હતો અને તેને આવી રહમતની તજલ્લીએ વધાર્યો હતો જેથી ન કતરાવ્યો. એને સ્ત્રીથી મુશાબેહત (મળતાપણા) સાથે શું સંબંધ ?! સ્ત્રીઓનો એક વાળ મોટો નથી હોતો ન આટલો લાંબો હોય છે, અને ન તેને મેહફૂઝ રાખવામાં આવું રાઝ હોય છે. એની સનદ (સહાબી) અબૂ મહઝૂરા رضی اللہ عنہ નો ફેઅલ છે.

જ્યારે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તાઈફ શરીફ ફતહ કર્યું અને અઝાન થઈ તો બાળકોએ એની નકલ કરી. એમાં અબૂ મહઝૂરા رضی اللہ عنہ પણ હતા, તેમનો અવાજ ઘણો સારો હતો. હુઝૂરે આપને બોલાવ્યા અને





માથા પર હાથ મુબારક રાખ્યો અને તેમને મોઅઝ્ઝિન નિયુક્ત કર્યા. માંએ બરકતના માટે પેશાનીના તે વાળોને જેના પર દસ્તે અકદસ રાખવામાં આવ્યો હતો તેને મેહફૂઝ રાખ્યો. જે વખતે વાળો ખોલવામાં આવતા તો જમીન પર આવી જતા હતા. એને પણ (સ્ત્રીઓથી) મુશાબેહત સાથે કોઈ સંબંધ નથી. સ્ત્રીઓ કેવળ પેશાનીના વાળો નથી વધારતી. અને તેને મેહફૂઝ રાખવું બરકતના કારણે હતું.........'' *(મલ્ફૂઝાત શરીફ, પેજ–૨૫૫, ૨૬૬)*

દુનિયાનો કોઈ પણ માણસ આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી علیہ الرحمۃ والرضوان નું કોઈ એવું લખાણ કે એવું કથન રજૂ નથી કરી શકતો જેનાથી અસ્લાફ તથા મશાઈખે અહલે સુન્નતની શાનને હલકી પાડવાનો અણસાર પણ નીકળતો હોય. તો પછી જે ઔલાદે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم માંથી હોય તેનો માન મર્તબો આ'લા હઝરતની દષ્ટિમાં કેટલો ઉચ્ચ છે તેનો અંદાજો કોણ લગાડી શકે છે ?! આપે ઉલમા તથા મશાઈખની અદબ તથા એહતેરામનો મુસલમાનોને જે શઉર (સમજ) બખ્શ્યો છે એનું દષ્ટાંત લાખ કોશિશ છતાં મળતુ નથી.

ઈમામે અહલે સુન્નત આ'લા હઝરતના ખયાલોનો પ્રચાર અત્યંત જરૂરી છે અને એ વિચારસરણીને ઘેર ઘેર પહોંચાડવાની દરેક શક્ય કોશિશ અમલમાં મૂકવી જોઈએ. પીરાને તરીક્ત તથા શરીઅતના ઈમામો પોતાના રાત દિવસના મા'મૂલાતમાં આ'લા હઝરતની કિતાબોને સામેલ રાખે અને પોતાના મુરીદો તથા ચાહકોને તેને પઢવા તથા તેના પર અમલ કરવાની તાકીદ કરતા રહે જેથી શંકા કુશંકાનું કોઈ વાતાવરણ ઉદ્ભવી ન શકે અને વિરોધીઓ પોતાના મકસદોમાં સફળ ન થઈ શકે.

રબ્બે કાયનાત આપણને ગુનેહગારોને ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ના નકશે કદમ પર ચાલવાની તૌફીક બખ્શે અને તેમના ઈશ્કે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم થી આપણને પણ કાંઈ હિસ્સો અતા ફર્માવે. –આમીન. *(કિતાબ ઈમામ અહમદ રઝા ઔર મશાઈખે ચિશ્તના હવાલાથી)*

وَمَا عَلَيْنَا اِلاَّ الْبَلاَغُ الْمُبِيْنُ